

# કુડાસણ વિસ્તારમાં સ્વાસ્થ્યલક્ષી સાયકલ રેલીમાં બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે બાળકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને રવિવારની સવારે ૭.૩૦ કલાકે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સાયકલ રેલી સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતેથી નીકળી સર્વિસ રોડ પર થઈને રક્ષાશક્તિ સર્કલથી ઈન્ફોસિટી થઈને મૂળ સ્થળે પરત ફરી હતી. રેલીમાં ૩૦થી વધુ બાળકો જોડાયા હતા જેમાં લઘુત્તમ વય મર્યાદા ૭ વર્ષ નિયત કરવામાં આવી હતી. બાળકો સહિત મોટેરાંઓએ પણ સાયકલીંગનો આનંદ માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દેશના વડાપ્રધાન દ્વારા તાજેતરમાં જ નાગરિકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને ''ફીટ ઈન્ડિયા'' અભિયાન છેડવામાં આવ્યું છે ત્યારે આ પ્રકારની સાયકલ રેલી બાળકોમાં સાયકલના ઉપયોગ સાથે સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે પણ જાગૃતિ લાવવામાં મદદરૂપ બનશે.

## સખી વન સ્ટોપ સેન્ટરની જમીન-નકશા કેન્દ્રએ માંગતા રાજ્ય સરકાર હરકતમાં

ગાંધીનગર, તા. ૨

સખી વન સ્ટોપ સેન્ટરના બાંધકામ માટેની જમીન અને તેના નકશાઓ કેન્દ્ર સરકાર દ્વારા માંગવામાં આવતાં તંત્ર હરકતમાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં સખી વનસ્ટોપ સેન્ટર કાર્યરત કરી દેવાયાની જાણ કેન્દ્ર સરકારને કરવામાં આવી છે. આવા સેન્ટરો શરૂ કરી દેવાયા પછી કેન્દ્ર સરકારે તેના બાંધકામ માટેની ગ્રાન્ટ પણ રિલીઝ કરી દીધી હતી.

હવે સરકાર માટે કોયડો બની આ પ્રશ્ન સામે આવ્યો છે. હિંસાથી પિડીત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ પુરી પાડવા માટે આ ૨૦૧૬ થી વન સ્ટોપ સેન્ટર શરૂ કરવાની સૂચનાઓ અપાઈ છે.

ધીમી ગતિએ રાજ્યમાં તે અમલમાં મુકવામાં આવી હતી. હવે કેન્દ્ર સરકારે આ સેન્ટરોની જમીન નકશા સહિતની વિગતો માંગતા રાજ્યનું તંત્ર હરકતમાં આવ્યુ છે અને દરેક


● અનુસંધાન પાના - ૭ પર

## ગાંધીનગર આસપાસ ગાંજાની ડીલીવરી માટે કેરીયર એક્ટીવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર આસપાસની કેટલીક શૈક્ષણિક કોલેજોમાં અભ્યાસ કરતા કેટલાક હાયપ્રોફાઈલ યુવક-યુવતીઓ ચરસ-ગાંજાના રવાડે ચઢી ગયા હોવાની વાતો લોકમુખે ચર્ચાઈ રહી છે ત્યારે ગાંધીનગર આસપાસ ગાંજાની ડીલીવરી માટે કેરીયર એક્ટીવ થઈ ગયા છે. તો તેની સામે ગાંધીનગર પોલીસ પણ તેમને પકડવા માટે સુપર એક્ટીવ થઈ ગઈ છે. છેલ્લા બે દિવસમાં ગાંધીનગર પોલીસે ગાંજાના જથ્થા સાથે બે અલગ અલગ સ્થળોએથી પાંચ શખ્સોને પકડી પાડ્યા છે. જેમાં ૧૫ કિલો જેટલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે.

નાર્કોટીકટ પદાર્થના ગેરકાયદે ચાલતા વેપલાને સદંતર બંધ કરવાની જિલ્લા પોલીસ વડાની સૂચનાને પગલે ગાંધીનગર એલસીબી-એસઓજીની ટીમોએ તે દિશામાં પોતાના બાતમીદારો સક્રિય કરી દીધા છે. ગઈકાલે અડાલજ પાસેથી એસઓજી પી.આઈ. ડી.બી. વાળાની ટીમે એક શકમંદને પકડી તેની જડતી લેતા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. ઓરીસ્સાના સુજિત અક્ષય પટનાયક નામના કેરીયર પાસેથી ૧૦.૫૩૫ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કરી એસઓજીની ટીમે ઊંડી પુછપરછ કરતા આ જથ્થો ઓરીસ્સાની અંબિકા નામની મહિલાએ આપ્યો હોવાનુ અને કલોલની એક મહિલાને ડીલીવરી આપવા આવ્યો હોવાનુ બહાર આવ્યુ છે. પોલીસે તે દિશામાં તપાસ આરંભી છે. તો બીજી તરફ આજે એલસીબીની મહિલા કોન્સ્ટેબલ જ્યોતિકુમારી બ્રીજમોહનને બાતમી મળી હતી કે અડાલજ ત્રિમંદિર પાસેથી રીક્ષામાં કેટલાક શખ્સો ગાંજો લઈને નીકળવાના છે જેને આધારે એલસીબીની ટીમે વોચ ગોઠવી જીજે-૦૮-એટી-૬૬૭૬ નંબરની રીક્ષામાંથી પાલનપુરના ચાર શખ્સોને ૩ કિલો ૯૭૭ ગ્રામ ગાંજા સાથે પકડી પાડવામાં આવ્યા છે. પાલનપુરના અમરત વેરસી રબારી, છગન નરસી ચૌધરી, વીરચંદ મફા પરમાર અને અર્જુન ભીમા ચૌહાણ મળી ચારેયની ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરી કડક પુછપરછ શરૂ કરવામાં આવી છે.



**ગાંધીનગર પોલીસે બે દિવસમાં અડાલજ આસપાસના બે સ્થળેથી ગાંજાના કેરીયર્સને દબોચી લીધા : અડાલજથી સાડા દસ કિલો ગાંજા સાથે ઓરીસ્સાના કેરીયરને એસઓજીએ પકડ્યો : ત્રિમંદિર પાસેથી ૪ કિલો જેટલા ગાંજા સાથે એલસીબીએ પાલનપુરના ચાર શખ્સોને પકડ્યા : એલસીબીની મહિલા કોન્સ્ટેબલને ગાંજાની બાતમી મળી હતી : કલોલની એક મહિલાને ગાંજો આપવાનો હતો**



## સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ થયેલા ગામોમાં હજુ ૩૩ કામો શરૂ થયા જ નથી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદ થયેલા ગામોમાં કામો પૂર્ણ નહિ થયાની ચોંકાવનારી હકીકત પછી તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

મળતી વિગતો પ્રમાણે લોકસભાની ગત ટર્મ દરમ્યાન જિલ્લાના પાંચ ગામ આદર્શ ગ્રામ તરીકે પસંદ થયા હતા. જેમાં ૧૮૨ જેટલા કામો મંજૂર કરવામાં આવ્યા હતા. આ પૈકી ૧૪૭ કામો પૂર્ણ થઈ ગયા છે જ્યારે ૩૩ જેટલા કામો હજુ શરૂ થઈ શક્યા જ નથી. જ્યારે કેટલાક કામો પ્રગતિ હેઠળ હોવાનુ તંત્ર દ્વારા કહેવામાં આવી રહ્યુ છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આ અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી અને તેમાં આ ચોંકાવનારી હકીકતો બહાર આવી હતી. જિલ્લામાં જાખોરા, પોર, સામેત્રી, રાયસણ અને પાનસર ગામોને સાંસદ આદર્શ ગ્રામ બનાવવા માટે દત્તક લેવામાં આવ્યા હતા. જેમાં

● અનુસંધાન પાના - ૭ પર

## નગરની શાળાઓમાં બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન

### મોક ટેસ્ટ, રીવીઝન અને એક્સ્ટ્રા કોચિંગ સહીત પેપર રાઇટીંગ થકી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે સજ્જ કરવામાં આવી રહ્યા છે

ગાંધીનગર તા ૨

ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં યોજનારી બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જયારે શિક્ષણતંત્ર પણ પરીક્ષાલક્ષી આયોજનમાં વ્યસ્ત છે. ત્યારે નગરની શાળાઓમાં પણ બોર્ડની પરીક્ષાઓને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ માટે રીવીઝન , મોક ટેસ્ટ તેમજ એકસ્ટ્રા કોચિંગ સહીતના પરીક્ષાલક્ષી કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો હાઉ દુર થાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

કારકીર્દીના ઘડતર માટે ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા મહત્વની હોય છે. ધો -૧૦ની પરીક્ષા બાદ ટેકનિકલ લાઈનમાં જવા માટે વિદ્યાર્થીઓમાં ક્રેઝ વધ્યો છે. જયારે ધો -૧૨ ની પરીક્ષા બાદ સાયન્સ સ્ટ્રીમના વિદ્યાર્થીઓ ડોકટર તેમજ એન્જિનિયરીંગ લાઈનમાં જવાનુ પસંદ કરે છે. જયારે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ સી એ ,સી એસ તેમજ બી કોમ સહીતની લાઈન પસંદ કરીને તેમની શૈક્ષણિક કારકીર્દી આગળ વધારે છે. જેને અનુલક્ષીને વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારુ પરિણામ મેળવવા માટે તનતોડ મહેનત કરતા નજરે પડે છે. જયારે ધારેલુ પરિણામ ન આવે તો પસંદગીની લાઈનમાં પ્રવેશ મેળવવાનુ મુશ્કેલ બને છે. જયારે ઘણીવાર રૂપિયા ભરીને સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં પ્રવેશ મેળવવો પડે છે. જયારે બોર્ડની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓની સાથે તેના માતાપિતા પણ પોતાના પાલ્યને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે પ્રયત્નશીલ રહે છે. એટલુ જ નહી પરંતુ પ્રયત્નશીલ પણ રહે છે. બોર્ડની પરીક્ષાને અનુલક્ષી શાળાઓમાં વિદ્યાર્થીઓ પેપર સોલ્યુશન તેમજ રીવીઝન તેમજ એકસ્ટ્રા કોચિંગમાં લાગી ગયા છે. જયારે વિદ્યાર્થીઓ પણ એકસ્ટ્રા કોચિંગ સાથે વિવિધ મોક ટેસ્ટમાં પણ ઉત્સાહ પુર્વક જોડાઈ રહ્યા છે. બોર્ડની પરીક્ષાના આડે હવે માત્ર હવે એક મહીનાનો સમય રહ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓ માટે રાત થોડીને વેશ ઝાઝા જેવો ઘાટ સર્જાયો છે. જયારે વિદ્યાર્થીઓને સારુ પરિણામ મળે તે માટે શાળા કક્ષાએ નવા નિયમ મુજબ તૈયારીઓ કરાવામાં આવી રહી છે. ટયુટરો દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબ કઈ રીતે લખવા તેમજ અને કઈ રીતે વધારે માર્કસ આવે તે અંગે પણ માર્ગદર્શન પણ આપવામાં આવે છે. શિક્ષકો રાજયની નામાંકિત શાળાના પેપરો મંગાવીને પણ તૈયારી કરાવે છે. વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો હાઉ દુર થાય તે માટે પણ પ્રયાસ કરી રહ્યા છે.

## કલ્ચરલ ફોરમ દ્વારા ૫મીથી શ્રેષ્ઠ નાટકોનો ત્રિ-દિવસીય નાટ્યોત્સવ

### ચિત્રલેખા નાટ્ય સ્પર્ધામાં ત્રણ શ્રેષ્ઠ નાટકો ગાંધીનગરમાં ભજવાશે

પ્રાયોગિક અને વ્યાવસાયિક રંગભૂમિના સમન્વય સમા એક-એકથી ચઢિયાતા ફુલલેન્થ નાટકોની એકમાત્ર સ્પર્ધા ચિત્રલેખા નાટ્યસ્પર્ધા-૨૦૨૦ના શ્રેષ્ઠ ત્રણ નાટકોનો નાટ્યોત્સવ 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આગામી તા. ૫-૬-૭ ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગરના સેકટર-૨૮ના રંગમંચ ખાતે યોજાઈ રહ્યો છે. 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ'ના સભ્યો માટે યોજાઈ રહેલા આ શ્રેષ્ઠ નાટકો માણવા રસ ધરાવતા નાગરિકો માટે ખૂબ જ મર્યાદિત સંખ્યામાં આમંત્રણ ઉપલબ્ધ કરાશે. ગાંધીનગરમાં આ પ્રકારનો ભવ્ય નાટ્યોત્સવ સૌ પ્રથમ વખત યોજાઈ રહ્યો છે.

પ્રતિષ્ઠિત ચિત્રલેખા નાટ્યસ્પર્ધા ૧૪માં વર્ષમાં પ્રવેશી છે. આ સ્પર્ધામાં ૨૦ નાટકોએ ભાગ લીધો હતો. પ્રથમ રાઉન્ટમાં ભાવનગરમાં ૮ નાટકો અને સુરતમાં ૧૨ નાટકો ભજવાયા હતા. પ્રથમ રાઉન્ટમાં ખરાં ઉતરેલાં ૧૦ નાટકો મુંબઈમાં યોજાયેલી ફાઈનલ સ્પર્ધામાં ભજવાયાં હતા. નિર્ણાયકો શ્રી રોબિન ભટ્ટ, શ્રી લતેશ શાહ અને શ્રી પ્રવીણ સોલંકીએ મનોમંથન કરીને શ્રેષ્ઠ નાટકો તરીકે પસંસદ કર્યા છે એ ત્રણ નાટકોનો નાટ્યોત્સવ 'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' ગાંધીનગરના આંગણે લઈને આવ્યું છે.

તા. ૫મી ફેબ્રુઆરીને બુધવારે સાંજે ૭.૩૦ કલાકે નાટક - કુમારની અગાશી (સિલ્યૂટ થિયેટર, સુરત) ભજવાશે. લેખક મધુ રાય અને દિગ્દર્શક દેવાંગ જાગીરદારના આ નાટકમાં માનવ સંબંધો અને દિયર-ભાભીના સંબંધની મનોવૈજ્ઞાનિક રજૂઆત છે. આ નાટકના કલાકાર પલાશ આઠવલે, મેઘા સિયારામ અને સુહાની જાગીરદારને પણ આ સ્પર્ધામાં શ્રેષ્ઠ કલાકાર અને શ્રેષ્ઠ સહકલકારના ઈનામો મળ્યા છે. નાટકના દિગ્દર્શક દેવાંગ જાગીરદારને શ્રેષ્ઠ દિગ્દર્શકનું ઈનામ મળ્યું છે.

તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીને ગુરુવારે સાંજે ૭.૩૦ કલાકે યોગેશ સોમલ લિખિત નાટક - શુભ મંગલ સાવધાન (એક્યુરેટ પ્રોડકશન, વડોદરા) ભજવાશે. કિરણ પાટીલ દ્વારા દિગ્દર્શીત આ નાટક લીવ ઈન રિલેશનશીપ અને બે પેઢીના ટકરાવની વાત કરે ઓછે. આ નાટકની અભિનેત્રી રૂબી ઠક્કર, સહકલાકાર રવિ બારોટ, અને પૂર્વી ભટ્ટને શ્રેષ્ઠ કલાકાર અને શ્રેષ્ઠ સહકલાકારના ઈનામો મળ્યા છે.

તા. ૭મી ફેબ્રુઆરીને શુક્રવારે સાંજે ૭.૩૦ વાગ્યે પ્રવીણ સોલંકી લિખિત નાટક - અહમ્‌નું એન્કાઉન્ટર (ઉદય આર્ટ, નવસારી) યોજાશે. દિગ્દર્શક રૂમી બારિયાનું આ નાટક ધર્મની આડમાં સંતાયેલા એક ધર્મગુરુના અહમ્‌નો પર્દાફાશ કરતું નાટક છે. આ નાટકના કલાકાર હિમાંશુ વૈદ્ય અને શિલ્પી લુહારને શ્રેષ્ઠ કલાકારો તરીકેના ઈનામો મળ્યા છે.

ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી, મુંબઈ દ્વારા આયોજિત ચિત્રલેખા નાટય સ્પર્ધા-૨૦૨૦ના આ શ્રેષ્ઠ નાટકો ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સહયોગથી યોજાઈ રહ્યા છે.

## ૪થીએ કોબાની મુલાકાતે હિમાચલ પ્રદેશની ટીમ આવશે

ગાંધીનગર, તા. ૨

હિમાચલ પ્રદેશની ગ્રામ વિકાસ સંસ્થાના તાલિમાર્થીઓ તા. ૩ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ટીમ ૪થી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર તાલુકાના કોબાની પણ મુલાકાતે આવી રહી છે.

આ ટીમ નાણાંપંચની ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ વિકાસકામો તેમજ પંચાયતી રાજ અંતર્ગત થયેલ કામોની પ્રત્યક્ષ મુલાકાત લેશે એટલુ જ નહિ આ સંદર્ભે તાલુકા વિકાસ અધિકારી, સરપંચશ્રી તેમજ પંચાયતના સભ્યો અને તલાટીને મળી ગ્રામ પંચાયતના કાર્યો તેમની ભૂમિકા સહિતની વિગતે જાણકારી મેળવી અભ્યાસ કરશે. તેઓ આખો દિવસ કોબા ખાતે આ અભ્યાસ કરશે. ઈ.ગ્રામ સેન્ટરની પણ મુલાકાત લેશે. આ ટીમ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ જશે અને આખી પંચાયતી રાજ વ્યવસ્થા અને વિકાસ અંગે ચર્ચાઓ કરી પોતાનો અહેવાલ તૈયાર કરી હિમાચલ પ્રદેશની સરકારને આપશે. આ પ્રવાસ કાર્યક્રમ આર.જી. એસ.એ. અંતર્ગત કરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

## ચેક પરત થવાના કેસમાં એક વર્ષની કેદની સજા

ગાંધીનગર તા ૨

ચેક પરત થવાન કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા કરી છે. જયારે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ચુકવવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

અનુસાર પેથાપુરમાં રહેતા દિલીપસિંહ રાઠોડ તેમજ આરોપી મેહુલ કાંતિલાલ પટેલ વચ્ચે મિત્રતાના સંબંધો હતા. જયારે ત્રણ વર્ષઅગાઉ મંડપ ડેકોરેશનના ધંધાના કામ અર્થે રૂ ૭ લાખ ઉછીના લીધા હતા. જયારે મુદત પુરી થયા બાદ પણ પૈસા ન મળતા ઉઘરાણીના અંતે આરોપીએ લેંણી રકમનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના લીધે પરત થયો હતો જેની સામે દિલીપસિંહે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ અન્વયે કોર્ટમાં વકીલ મારફતે ફરિયાદ દાખલ કરી હતી આ કેસ ગાંધીનગરની છઠ્ઠા ચીફ જયુ મેજી કોર્ટમાં ચાલી જતા જજ જીતેન્દ્રકુમાર એન પટેલે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.


સાતમી પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા
સ્વર્ગવાસ તા. ૩-૨-૨૦૧૩

આપનું જીવન, પરિવાર, સગા-સંબંધી અને સમાજ માટે સમર્પિત રહ્યું. આપ વિના અમો ઉણપ અનુભવીએ છીએ. આપના આદર્શો, મહેનત, સંઘર્ષ, મનોબળ, સફળતા, સમભાવ અને પ્રેમાળ સ્વભાવ અમારા જીવનનો સુપથ નક્કી કરશે જ.

અમે ગમગીન હૃદયે અને અવિરત અશ્રુભીની આંખે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને સદ્‌ગતિ અર્પે.

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)
અમરીષસિંહજી કે. વાઘેલા ધવલસિંહજી કે. વાઘેલા
પ્રવિણસિંહજી બી. વાઘેલા પૃથ્વીરાજસિંહજી કે. વાઘેલા



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com